# ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નોકરી કરતી સ્ત્રી શિક્ષિકાઓની અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ

ડૉ. મીના એચ. રાઠોડ
અધ્યાપક સહાયક
આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ

## ૧. પ્રસ્તાવના

માનવીની જરૂરિયાતો મર્યાદિત છે. દરેક વ્યક્તિ પોતાની જરૂરિયાત સંતોષવા માટે સખત મહેનત કરે છે. આ જરૂરિયાતો સંતોષવા પ્રયત્નોમાં વ્યક્તિ સફળ થતી નથી ત્યારે વ્યક્તિ તેનું ધ્યેય બદલે છે. આ રીતે વ્યક્તિ તેના અહમને થનાર નુકસાન, નિષ્ફળતા કે વૈફલ્ય સામે રક્ષણ મેળવે છે. આ પ્રક્રિયા વ્યક્તિના જીવનનો એક સામાન્ય ભાગ છે .આ પ્રક્રિયા અનુકૂલનની પ્રક્રિયા તરીકે ઓળખાય છે. વર્તમાન સમયમાં સામાજિક તેમજ વ્યવસાયિક જીવનમાં અનુકૂલનનો પ્રશ્ન ખૂબ જ મહત્વનો બની ગયો છે. ખાસ કરીને શહેરી જીવનમાં થતા તથા બદલાતી જતી સામાજિક પરિસ્થિતિમાં અનુકૂલન સાધવું તે એક જટિલ સમસ્યા બની ગઈ છે. કેટલીક વ્યક્તિ તેની જરૂરિયાત સંતોષવામાં કોઈ અવરોધ અનુભવે છે ત્યારે તેનામાં નકારાત્મક વર્તનનો પ્રવેશ થાય છે, તેમજ તેનામાં વૈફલ્યની લાગણી ઉદભવે છે. આ લાગણી તેને નકારાત્મક વર્તન તરફ દોરી જાય છે. શિક્ષક પાસે જ્ઞાન અને આવડત હોય તો જ બાળકોના અનુકૂલન કૌશલ્યના ઘડતરમાં અને વૈફલ્યના કારણો દૂર કરવામાં મહત્વનો ફાળો આપી શકે અને સ્વસ્થ ભાવિ પેઢીનું ઘડતર કરી શકે

## ૨. સમસ્યા કથન

ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નોકરી કરતી સ્ત્રી શિક્ષિકાઓની અનુકૂલનની સમસ્યાઓનો અભ્યાસ

## ૩. અભ્યાસના ચલો

### *૩.૧ સ્વતંત્ર ચલ*

અનુકૂલન સમસ્યા

### *૩.૨ આધારિત ચલ*

સંસ્થાના પ્રકારો 1. સરકારી 2. બિનસરકારી

## ૪. સંશોધનના હેતુઓ

1. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નોકરી કરતી સ્ત્રી શિક્ષિકાઓને અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ કરવા અનુકૂળ સમસ્યા સૂચિ બનાવવી.

1. અનુકૂલન સમસ્યા સૂચિનો ઉપયોગ કરીને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નોકરી કરતી સ્ત્રી શિક્ષિકાઓની અનુકૂલન સમસ્યા જાણવી.
2. અનુકૂલન સમસ્યા સૂચિનો ઉપયોગ કરીને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા તથા બિન સરકારી શાળામાં નોકરી કરતી સ્ત્રી શિક્ષિકાઓ ની અનુકૂલન સમસ્યા જાણવી.

### ૫. સંશોધનની ઉત્કલ્પનાઓ

$H_{o1}$: સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં તથા બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી  સ્ત્રી શિક્ષિકાઓના અનુકૂલન સમસ્યાના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

### ૬. સંશોધનનું ક્ષેત્ર

આ સંશોધનનુ ક્ષેત્ર શૈક્ષણિક મનોવિજ્ઞાન હતું .

### ૭. સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર વ્યવહારુ સંશોધન હતો.

### ૮. સંશોધનનું મહત્ત્વ

ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નોકરી કરતી સ્ત્રી શિક્ષિકાને શાળા સંબંધી ઘણી બધી અનુકૂલન સમસ્યાઓ હોય છે.જો શાળા સંબંધી અનુકૂલન સમસ્યાઓ વિશે માહિતી મેળવવામાં આવે તો સ્ત્રી શિક્ષિકાઓને શાળા સબંધી અનુકૂલનના પ્રશ્નો જાણી શકાય તેમજ તેના નિરાકરણ માટેના ઉપાયોના સંદર્ભમાં વિચારણા કરી શકાય.

### ૯. સંશોધનનો વ્યાપ

પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે જૂનાગઢ જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નોકરી કરતી સ્ત્રી શિક્ષિકાઓને પસંદ કરેલ હતી.

### ૧૦. નિદર્શ

પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે જૂનાગઢ જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નોકરી કરતી સ્ત્રી શિક્ષિકાઓને નમૂના તરીકે લેવામાં આવેલ હતી. પ્રસ્તુત સંશોધનમાં નમૂનાની પસંદગી ઉદ્દેશ્ય પુર્ણ નમૂના પસંદગીથી સ્ત્રી શિક્ષિકાઓની પસંદગી કરી હતી.

### ૧૧. સંશોધનની પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

### ૧૨. ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સ્વનિર્મિત અનુકૂલન સમસ્યા સૂચિનો ઉપયોગ કર્યો હતો.

### ૧૩. માહિતી પ્રાપ્તિ

સૌપ્રથમ શાળાઓના આચાર્યશ્રીઓને મળીને તેમની સંસ્થામાંથી સ્ત્રી શિક્ષિકા બહેનોની યાદી મેળવી અને અનુકૂલન સમસ્યા સૂચિ ભરાવવા માટેની મંજુરી મેળવી ત્યારબાદ શાળામાં સ્ત્રી શિક્ષિકાઓ પાસેથી અનુકૂલન સમસ્યા સૂચિ ભરાવી, ત્યાર બાદ મળેલી માહિતીને અલગ-અલગ શાળાના પ્રકાર આધારિત વિભાજિત કરેલ.

### ૧૪. માહિતીનું પૃથ્થકરણ

પ્રાપ્ત થયેલ આંકડાકીય માહિતીને આધારે ઉત્કલ્પના પ્રમાણે આવૃત્તિ વિતરણ તથા સરાસરી, પ્રમાણ વિચલન (SD) તથા 't' મૂલ્ય શોધી શૂન્યઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

### ૧૫. ઉત્કલ્પનાની ચકાસણી

Table-1 Analysis of 't' Value

| જૂથ | N | Average | Standard Deviations (SD) | Standard Errar of Mean | t -test | Significance Level |
|---|---|---|---|---|---|---|
| સરકારી શાળામાં કાર્ય કરતી શિક્ષિકાઓ | 31 | 114.89 | 1.89 | 0.38 | 2.66 | ** |
| બિનસરકારી શાળામાં કાર્ય કરતી શિક્ષિકાઓ | 32 | 115.91 | 0.93 | | | |

Table-2 table-t Value

| df | 0.05 | 0.01 |
|---|---|---|
| 60 | 2.00 | 2.66 |

Table-3 ઉત્કલ્પનાની ચકાસણી

| ક્રમ | ઉત્કલ્પના | 't' મૂલ્ય | સાર્થકતાની કક્ષા | સ્વીકાર /અસ્વીકાર |
|---|---|---|---|---|
| 1. | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં તથા બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતી સ્ત્રી શિક્ષિકાઓના અનુકૂલન સમસ્યાના પ્રાપ્તાન્કો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | 2.66 | સાર્થક | અસ્વીકાર |

### ૧૬. તારણો

સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં તથા બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં નોકરી કરતી સ્ત્રી શિક્ષિકાઓ પાસેથી અનુકૂલન સમસ્યા સૂચિ ભરાવવામાં આવી. જેમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં નોકરી કરતી સ્ત્રી

શિક્ષિકાઓ અને બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં નોકરી કરતી સ્ત્રી શિક્ષિકાઓનાં અનુકૂલન સમસ્યાના પ્રાપ્તાન્કો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. એટલે કે શાળાના પ્રકારના સંદર્ભે તફાવત જોવા મળ્યો હતો.

## સંદર્ભસૂચિ

1. બારૈયા, વી. વી ડો. યજ્ઞેશ પુરોહિત, ડો. રીના એન. વોરા (2015).બાળપણ અને વિકાસ. આણંદ: પ્રતિક પ્રકાશન
2. દોંગા, નાનુભાઈ (2010). શિક્ષણનું મનોવિજ્ઞાન. અમદાવાદ :નીરવ પ્રકાશન
3. પટેલ, આર. એસ. (2015).સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.અમદાવાદ : જય પબ્લિકેશન
4. પટેલ, આર. એસ. (2009). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ .અમદાવાદ : જય પબ્લિકેશન